જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૧૦/૨૦૧૪ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૦૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૭ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી, ૬૮ લીટર દેશી દારૂ, ૧૫૪ બોટલ ઇગ્લીશ દારૂ અને ૩૦૦ બિયર ટીન અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૨,૦૬૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૦૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડી -** **સમાચાર યાદી નં.૨૬૧૦/૧૪**

**મણીનગર :** બકુલભાઇ મગનભાઇ પ્રજાપતિ (રહે.વનદેવી બંગ્લોઝ, સ્મૃતી મંદીર પાસે, ઘોડાસર વટવા) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૧૦/૧૪ સવારનાં ૧૦/૧૫ થી ૧૦/૪૫ વાગ્યા દરમ્યાન બકુલભાઇના મોબાઇલ ફોન ઉપર અજાણી વ્યક્તિએ પોતાની ઓળખ આદિત્ય મિશ્રા તરીકે આપી,પોતે બી.ઓ.બી.(મેઇન બ્રાન્ચ)નો કર્મચારી હોવાનું કહી બકુલભાઇને વિશ્વાસમાં લઇ તેમનો એ.ટી.એમ.કાર્ડનો નંબર જાણી લઇ, બકુલભાઇના ખાતામાંથી રૂપિયા ૨૭,૫૦૦/- ઉપાડી લઇ છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ શ્રી વી.જે.ગઢવી ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૬૧૧/૧૪**

**વટવા :** અયુબહુસેન અબ્દુલસલામ કુરેશી (રહે.નિઝામભાઇની ચાલી, ગ્રીન ચોક, વટવા ગામ) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૧૦/૧૪ રાતના ૮/૦૦ થી તા.૧૯/૧૦/૧૪ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી રૂપિયા ૧,૦૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જે.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૬૧૨/૧૪**

**મેઘાણીનગર :** અનિલ ઉર્ફે લાલો આત્મારામ પટણી (ઉ.વ.૨૩)(રહે.બાપાલાલ ઘાંચીની ચાલી ચમનપુરા) એ કોઇ કારણસર પોતાના ઘરે તા.૧૮/૧૦/૧૪ રાતનાં ૯/૩૦ વાગ્યા પહેલાં લાકડાની વળી સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બુધાભાઇ મંગળભાઇ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૨૬૧૩/૧૪**

| | |
|---|---|
| **રાણીપ:** મનિષાબહેન રાજેશભાઇ મકવાણા (ઉ.વ.૨૯)(રહે.સુર્યનગર સોસાયટી, રીલાયન્સ ફ્રેશની સામે, સુભાષબ્રીજ) તા.૧૨/૧૦/૧૪ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કોઇને કહ્યા વિના ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ઉંચાઇ ૫ ફુટ છે. (રાણીપ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૫૧૦૧૦) |  |
| **સરદારનગર :** કિરણદિપકૌર સુખદેવસિંગ મહક (ઉ.વ.૧૭)(રહે.સત્કાર બંગ્લોઝ, નોબલનગર પાસે) તા.૬/૯/૧૪ બપોરનાં ૩/૩૦ વાગ્યાના સુમારે ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગનું જીન્સ પેન્ટ અને પીળા રંગનું ટોપ પહેર્યુ છે. ઉંચાઇ ૫ ફુટ છે. (સરદારનગર પોલીસ સ્ટેશન નંબર ૨૨૮૮૪૦૭૯) |  |
| **આનંદનગરઃ** વિજય બાબુભાઇ દેસાઇ (ઉ.વ.૬૨)(રહે.દેવનંદન એવન્યુ, આનંદનગર) તા.૯/૧૦/૧૪ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનું શર્ટ અને વાદળી પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ ૧૦ ઇંચ છે. (આનંદનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૬૭૬૨૨૫૦) |  |
| **નરોડાઃ** ભગવતીબહેન તીર્થદાસ દેવનાણી (ઉ.વ.૬૦)(રહે.કૃષ્ણનગર હાઉસીંગ બોર્ડ, નરોડા) તા.૩૦/૮/૧૪ ના કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ-વાદળી પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે.(નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |
| **નરોડા :** રાકેશભાઇ ગોરધનભાઇ પટેલ (ઉ.વ.૨૯)(રહે.ઇન્દ્રજીત ટેનામેન્ટ, સરદારમોલની સામે, ઠક્કરનગર નરોડા) તા.૨/૧૦/૧૪ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કોફી રંગનું ચોકડીવાળુ શર્ટ અને બિસ્કીટ રંગનું પેન્ટ પહેર્યુ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર.૨૨૮૧૫૮૧૪) |  |

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.